# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-05-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# KRUSHI ABHIYAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આણંદ કૃષિ વિશ્વ-વિદ્યાલય ખાતેથી આજે રાજ્યવ્યાપી વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે તેમણે કહ્યું, ખેતીમાં સમય અનુરૂપ ટૅક્નોલૉજીનો ઉપયોગ કરીને અદ્યતન અને ટકાઉ ખેતી માટે અન્નદાતાને પ્રશિક્ષિત કરવાની નવતર પહેલ દેશમાં થઈ છે. પ્રધાનમંત્રીએ સંકલિત પ્રયાસો સાથે કૃષિમાં પરિવર્તનની દિશા આપી હોવાનું પણ મુખ્યમંત્રીએ ઉમેર્યું.

રાજકોટના ખેરડી ગામથી આ અભિયાનનો પ્રારંભ કરાવતા કૃષિમંત્રી રાઘવજી પટેલે કહ્યું, અભિયાન અંતર્ગત કૃષિ ક્ષેત્રના ટકાઉ વિકાસ માટે કૃષિ વૈજ્ઞાનિકો, પ્રગતિશીલ ખેડૂતો અને કૃષિ અધિકારીઓની 55 ટુકડી ખેડૂતોને ઘરઆંગણે માર્ગદર્શન પૂરું પાડશે. રાજ્યભરમાં યાત્રા કરીને આ તમામ ટુકડી આગામી 15 દિવસમાં રાજ્યના બે હજાર 951 ગામના ત્રણ લાખ 50 હજારથી વધુ ખેડૂતો સાથે સીધો સંવાદ કરશે.

કેન્દ્ર સરકારના ભારતીય કૃષિ સંશોધન પરિષદ- I.C.A.R.ના માર્ગદર્શન હેઠળ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો દ્વારા સમગ્ર દેશમાં આગામી 12 જૂન સુધી આ અભિયાન હાથ ધરાશે તેમ પણ કૃષિમંત્રીએ ઉમેર્યું હતું.

. . . . . . . . . . .

# AHD DEMOLITION

અમદાવાદ શહેરના બાપુનગર વિસ્તારમાં મહાનગરપાલિકાની ટુકડી દ્વારા દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. કડક પોલીસ

બંદોબસ્ત વચ્ચે શરૂ થયેલી કામગીરી અંતર્ગત 450 જેટલા દબાણ શાંતિપૂર્ણ રીતે દૂર કરાયા છે.

આ અંગે એચ ડિવિઝનના A.C.P. આર. ડી. ઓઝાએ વધુ માહિતી આપી.

**(BYTE- R. D. OZA, ACP, H DIVISION)**

. . . . . . . . . . .

# BHANU BABARIYA ANGANWADI VISIT

મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરિયાએ આજે ગાંધીનગરના સેક્ટર 24 ખાતેની આંગણવાડી કેન્દ્ર બે-ની આકસ્મિક મુલાકાત લીધી. તેમણે ગાંધીનગર મહિલા I.T.I. ખાતે શરૂ થયેલા સમર સ્કીલ વર્કશૉપની પણ મુલાકાત લઈ કિશોરીઓને માસિકસ્ત્રાવ સ્વચ્છતા અને ઍનિમિયા અંગે જાગૃતિ માટે તૈયાર કરેલી કિટનું વિતરણ કર્યું.

. . . . . . . . . . .

# TAPI ACCIDENT

તાપી જિલ્લામાં માર્ગ અકસ્માતમાં બે લોકોના મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ નીરવ કંસારા જણાવે છે, ઉચ્છલ-નિઝર રાજમાર્ગ પર બે બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા બે લોકોના મોત નીપજ્યા છે.

સરવાળા અને દેવાળા ગામ વચ્ચે બનેલી ઘટના અંગે નિઝર પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

. . . . . . . . . . .

# TAPI-GRAM PANCHAYAT ELECTION

રાજ્ય ચૂંટણી પંચે ગઈકાલે ગ્રામ પંચાયતોની ચૂંટણીની જાહેરાત કરી છે. ત્યારે તાપી જિલ્લામાં સાત તાલુકાની 96 ગ્રામ પંચાયતની ચૂંટણી અને પેટા ચૂંટણી યોજાશે. આગામી 22 જૂને વ્યારા તાલુકાની 12, વાલોડની 12, ડોલવણની આઠ, સોનગઢની 32, ઉચ્છલની 10, નિઝરની છ અને કુકરમુંડાની 11 ગ્રામ પંચાયતમાં મતદાન થશે.

. . . . . . . . . . .

# DIU TIRANGA YATRA

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના વણાકબારા ખાતે આજે ત્રિરંગા યાત્રા યોજાઈ. ભારતીય સેનાના સન્માનમાં યોજાયેલી આ યાત્રામાં વિવિધ સમાજના અગ્રણીઓ, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ, સરપંચ, બાળકો સહિતના લોકોએ જોડાયા હતા.

. . . . . . . . . . .

# RAIN OVERALL

રાજ્યમાં હજી પણ કેટલાક જિલ્લામાં કમોસમી વરસાદ વરસી રહ્યો છે. સત્તાવાર યાદી મુજબ, આજે સવારે છ વાગ્યાથી બપોરે 12 વાગ્યા સુધીમાં 34 તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયો. દરમિયાન સૌથી વધુ એક ઈંચ જેટલો વરસાદ ડાંગના ડાંગ-આહવા અને સુબિર, ભરૂચના ઝઘડિયા, વાલિયા અને ભરૂચ, તાપીના સોનગઢ અને વડોદરાના કરજણ તાલુકામાં વરસ્યો હોવાના અહેવાલ છે.

મહીસાગરમાં કમોસમી વરસાદ અને વાવાઝોડાના કારણે નુકસાન થયાના અહેવાલ છે.. સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ....

(વોઇસકાસ્ટ- કૌશિક જોશી, મહીસાગર)

અરવલ્લી જિલ્લાના મોડાસા, માલપુર, મેઘરજ સહિતના તાલુકામાં વાતાવરણમાં પલટો જોવા મળ્યો. મોડી રાત્રે મોડાસા સહિતના વિવિધ વિસ્તારમાં ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો. દરમિયાન માલપુર પંથકમાં કેટલાક વૃક્ષ અને વીજળીના થાંભલા પડી ગયા હતા. સ્થાનિક લાલજીભાઈએ પ્રતિક્રિયા આપી.

(બાઈટઃ લાલજીભાઈ, સ્થાનિક)

બનાસકાંઠાના પાલનપુર, અમીરગઢ, શક્તિપીઠ અંબાજીમાં મોડી રાત્રે કમોસમી વરસાદ પડ્યો હોવાના અહેવાલ છે.

. . . . . . . . . . .